GJBK140000782021

અરજી રજૂ તા. : ૨૧/૦૫/૨૦૨૧
રજીસ્ટર કર્યા તા. : ૨૧/૦૫/૨૦૨૧
નિકાલ કર્યા તા. : ૨૧/૦૮/૨૦૨૩
સમય અવધિ : વર્ષ –માસ–દિવસ

---

## મહેરબાન ભાભરના જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.ભાભર.

---

ક્રિ.પર.અ.નંબર– ૦૯/૨૦૨૧
આંક :–૩૧

**અરજદાર** :– જીવીબેન વા/ઓ રમેશભાઈ રગાભાઈ વણકર
ડો/ઓ ઉકાભાઈ રાજાભાઈ વણકર
રહે. ભાભર, વણકરવાસ, રામકી બજાર
તા. ભાભર, જિ. બનાસકાંઠા

**વિરૂધ્ધ**

**સામાવાળા** :– (૧) રમેશભાઈ રગાભાઈ વણકર
(૨) નાનુબેન રગાભાઈ વણકર
રહે. ભાભર, ચામુંડા સોસા., તા. ભાભર, જિ. બનાસકાંઠા
હાલ રહે.મોરવાડા, તા. સૂઈગામ, જિ.બનાસકાંઠા

**અરજ :–** કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓના રક્ષણ અધિ.–૨૦૦૫ કલમ–૧૨ મુજબ ભરણપોષણ મેળવવા બાબત...

શ્રી અરજદાર તરફે વિ.વકીલશ્રી. ડી.આર.હાલાણી

સામાવાળા તરફે વિ.વકીલશ્રી ડી.ડી.વ્યાસ

---

## -:: ચુકાદો :-

---

(૧).. અરજદાર તરફે હાલની અરજી કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓના રક્ષણના કાયદાની કલમ-૧૨ મુજબ કરવામાં આવેલી છે જે અરજી અત્રેની અદાલતમાં પ્રોટેકશન અધિકારીશ્રી પાલનપુર દવારા કાર્યવાહી કરી કૌટુંબિક હિંસાનો રીપોર્ટ રજૂ રાખવામાં આવેલ છે તે જે અરજી સાથે કૌટુંબિક હિંસાનો રીપોર્ટ ધ્યાને લેતાં આ કામના સામાવાળા નં.૧ અરજદાર પતિ દવારા તેઓને માનસિક શારીરિક દુઃખ ત્રાસ આપતા હોવાનો અને માર મારતા હોવાનો તથા સામાવાળા નં.ર અરજદારના સાસુ તેઓને પરોક્ષ રીતે દહેજની માંગણી કરતા હોવાનો આક્ષેપ કરવામાં આવેલ છે. પરંતુ આ કામના સામાવાળા નં.૩ તેઓના દિયર સામે અરજદારની અરજીમાં કે કૌટુંબિક હિંસાના રીપોર્ટમાં કોઈ હકીકત જણાવેલ નથી. તેવા સંજોગોમાં સામાવાળા નં.૩ ની સામે કોઈ આક્ષેપ કરવામાં આવેલ ના હોય તેઓ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

(૨)....અરજદારની અરજી દાખલ થતાં સામાવાળા નં.૧ તથા ર નાઓ વિરૂધ્ધ તા.૦૪/૦૩/૨૦૨૧ ના રોજ અદાલત સમક્ષ હાજર રહેવા નોટિસ કાઢવામાં આવેલ જે નોટિસ સામાવાળો ધારાસર બજી જતાં આ કામના સામાવાળા તેમના વિ.વકીલશ્રી ડી.ડી.વ્યાસ મારફતે અદાલત સમક્ષ હાજર થઈ આંક.૧૧ થી સામવાાળાનો જવાબ રજૂ થયેલ છે.

૨/૧ આ કામે સામાવાળાએ અરજદારની અરજીના જવાબમાં અરજદારે અરજીમાં જણાવેલ હકકીત કબુલ કર્યા સિવાયની હકીકતોનો ઈનકાર કરેલ છે. તથા તેઓએ ખરી હકીકત જણાવેલ છે કે, આ કામના અરજદાર સાથે તા.૧૭/૦૫/૨૦૦૯ ના રોજ ભાભર મુકામે લગ્ન થયેલા. અરજદાર લગ્ન કરીને ત્રણેક વખત સામાવાળાના ઘરે ગયેલ અને જયારે આવે ત્યારે સામાવાળા ના ઘરે પાંચેક દિવસ રોકાઈ પિયરમાં જતા રહેતા તથા સામાવાળાના પરિવાર સાથે ઓરમાયું વર્તન રાખી તેમની સાથે શારીરિક સુખ માણવા દેતા નહિ અને એક પત્ની તરીકે આજદિન સુધી આ હકક કે અધિકાર આવેલ નથી. અરજદાર જયારે પણ સામાવાળાના ઘરે આવે ત્યારે સ્વચ્છંદી વર્તન કરતી, ગમે તેમ અપશબ્દો બોલતી, અને શહેરમાં રહેલ હોય સામાવાળાને તું મારા મોજશોખ પૂરા

નહિ કરી શકે મને તારી સાથે રહેવું ગમતું નથી. મજબુરીથી લગ્ન કરેલ હોવાનું જણાવતી અને માનસિક શારીરિક ત્રાસ આપતી અને સામાવાળાને પત્ની તરીકેના સુખ માણવા દેતી નહિ. સામાવાળા દવારા તેડી લાવવા ઘણા પ્રયત્નો કરેલા પરંતુ સમાજનું દબાણ કરશો તો ખોટા કેસો કરી ફસાવી નાખવાની ધમકીઓ આપતા અને હાલનો કેસ પણ ખોટો કરેલ છે સામાવાળાએ સમાજના રીતરિવાજ મુજબ લગ્નપ્રસંગે અરજદારને સોનાચાંદીના દાગીના આપેલ જે અરજદાર સાથે લઈને ગયેલા છે જે અરજરદારના કબજામાં છે અરજદારને અમારી સાથે રહેવું ના હોય, નાની નાની બાબતોમાં તકરાર કરી મનફાવે તેમ વર્તન કરતા હતા. આ કામના સામાવાળા ડ્રાઈવીંગ કરતા હોય, તથા તેઓના માતાની શારીરિક સ્થિતિ સારી રહેતી ના હોય, સામાવાળાને દવા તથા સરભરા પાછળ મોટો ખર્ચ કરવો પડે છે તથા  અરજદાર  પોતે આશા ફેસિલેટરમાં નોકરી કરી સારો પગાર મેળવે છે અરજદાર સુખી સંપન્ન છે અને વૈભવી જીવન જીવવાની વૃત્તિવાળા હોય, સામાવાળાના ઘરે આવવું ના હોય, ચેનકેન પ્રકારે છૂટાછેડા લેવા માટે ખોટી અરજી દાખલ કરેલ હોય, કાયદેસર રીતે ભરણપોષણ મેળવવા અને દાદ મેળવવા હકદાર ના હોય, અરજી ખર્ચ સહિત રદ કરવા વિનંતિ કરેલ છે. ત્યારબાદ સદર કામ દલીલો પર રાખવામાં આવેલ છે.

(૩)... આ અરજીના સમર્થનમાં અરજદાર તરફે આંક–૧૩ થી અરજદારનો કોર્ટ રૂબરૂ જુબાની રજૂ થયેલ છે. આ કામે આંક.૧૮ થી દસ્તાવેજી લીસ્ટ રજૂ થયેલ છે તથા આંક–૧૯ થી વધુ પુરાવો આપવા માંગતા ના હોય, પુરાવો બંધ કરવાની પુરસીસ રજૂ થયેલ છે. જયારે સામાવાળા તર્ફે આંક–૨૧ થી તેઓની સરતપાસનું સોગંદનામુ રજુ થયેલ છે અને આંક–૨૫ થી પુરાવાબંધની પુરસીસ રજુ થયેલ છે.

(૪)... ત્યારબાદ અરજદાર તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળી તથા સામાવાળાના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળવામાં અવોલ છે.

(૫)...સદર અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

(૧) શું અરજદાર  પુરવાર કરે છે કે, તેઓને સામાવાળા દવારા તેઓની ઉપર કૌટુંબિક હિંસા આચરવામાં આવેલ છે ?

(૨) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ સામાવાળા વિરૂધ્ધ કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ– ૧૯ હેઠળ હુકમ મેળવવા હકકદાર છે ?

(૩) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓને સામાવાળા વિરૂધ્ધ કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ– ૨૦ હેઠળ હુકમ મેળવવા હકકદાર છે ?

(૪) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓને સામાવાળા વિરૂધ્ધ કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ– ૨૨ હેઠળ હુકમ મેળવવા હકકદાર છે ?

(૫) શું હુકમ ?

(૬)...ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) અંશત: હકારમાં.

(૨) અંશત: હકારમાં.

(૩) અંશત: હકારમાં.

(૪) અંશત: હકારમાં.

(૫) આખરી હુકમ મુજબ.

(૭)...ઉપરોકત મુદ્રા અંગેના મારા નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

## –<u>:: કા ર ણો ::</u>–

(૮)...મુદ્દા નંબર–૧ થી ૪ સંયુકત ...

૮/૧ આ કામે મુદ્દા નં.૧ થી ૪ એકબીજાની સાથે સંકળાયેલા હોય, બીનજરૂરી પુનરાવર્તન ટાળવા તમામની એકસાથે ચર્ચા કરવામાં આવેલી છે.

આ કામના અરજદારે પોતાની આંક.૧ વાળી અરજીના સમર્થનમાં આંક.૧૩ થી પોતાની જુબાની આપેલ છે. અને તેઓ જણાવી ગયેલ છે કે, તા.૧૭/૦૫/૨૦૦૯ ના રોજ સામાવાળા સાથે તેઓના લગ્ન થયેલ અને મોરવાડા સાસરીમાં રહેવા ગયેલ. ત્યારબાદ સામાવાળાએ તેઓને શરુઆતમાં જ મહિનો સારી રીતે રાખેલ. ત્યારબાદ તેઓના પતિ, સાસુ અને દિયર ગણપત ભાઈ તેઓને શારીરિક માનસિક દુ:ખ ત્રાસ આપતા હતા. તેઓના પતિ દારૂ પી આવી તેઓને માર મારતા

તથા એક વર્ષ બાદ તેઓના પતિ તથા દિયરે તેઓને માર મારતાં તેઓ પિતાના ઘરે આવી ગયેલ. ત્યારબાદ તેઓના પિતા તથા સમાજના માણસોએ ભેગા મળી સમાધાન કરાવેલ અને તેઓ ભાભર મુકામે રહેવા આવેલ ત્યાં સામાવાળા ડ્રાઈવરનું કામ કરવા લાગેલા. ત્યારબાદ પણ સામાવાળા તેના સ્વભાવ મુજબ મારકૂટ ચાલુ રાખેલ અને ઘર સામાન લાવી આવતા નહિ. વળી, તેઓના ભાઈનું સાટું મારા સાટામાં કરેલ અને તેઓના ભાઈની સગાઈ તોડી નાખેલ તથા તેઓના પતિના કાકાની દીકરી રમીલા સાથે તેઓના ભાઈના સાટામાં સગાઈ કરેલ જે સામાવાળાએ તોડી નખાવેલી તથા સામાવાળાએ રૂા.૨૫,૦૦૦/– વસુલ કરેલ ત્યારબાદ પણ શારીરિક માનસિક ત્રસ ચાલુ રાખેલ. અને એક દિવસ દારૂ પી આવી અરજદારને ચપ્પુ મારેલ. સામાવાળાના અમાનવીય હિંસક વ્યવહાર કરતા હોય, છેલ્લા સાડા ત્રણ ચાર વર્ષથી સામાવાળાથી અલગ જીવન જીવે છે તથા સામાવાળા સાથે રહેવા તેમજ સમાધાનના ઘણા પ્રયત્નો કરેલા છે. પરંતુ સામાવાળા તું ગમાડતા નથી. અરજદારના પિયરપક્ષથી ચડાવેલા દાગીના એટલે કે સ્ત્રી ધન સોનાની બુટ્ટી, બે વીંટી, હાથમાં પહેરવાનું કડું ગળાની હાંસડી, તગનાં પાયલ તથા કાનની મરકી વગેરે સોનાના દાગીના સામાવાળાએ તેઓને આપેલ નથી. આ કામે રાધે સ્કૂલમાં ગાડી ચલાવી માસિક રૂા.૨૦,૦૦૦/– (વીસ હજાર ), ખેતીમાંથી વર્ષે રૂા.૨,૦૦,૦૦૦/– (બે લાખ) તથા દૂધ વેચી માસિક રૂા.૫૦,૦૦૦/–(પચાસ હજાર) મેળવે છે. અરજદારને ભરણપોષણ પેટે માસિક રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર) ની જરૂરિયાત રહે છે. તેઓ નોકરી કરી માસિક રૂા.૬,૦૦૦/– (અંકે રૂપિયા છ હજાર) આવક મેળવતા હોય, તેઓએ રૂા.૪,૦૦૦/–(અંકે રૂપિયા ચાર હજાર) ખોરાકી મંજૂર કરવા અરજ કરેલ છે.

સામાવાળાના વિ.વકીલશ્રી દવારા ઉલટતપાસ કરતાં અરજદાર જણાવી ગયેલ છે કે, તેઓના પતિ દારૂ પીતા હતા તે બાબતે તેઓએ પોલીસ કેસ કરેલ છે પરંતુ આ કામે તેઓએ ફરિયાદ ની નકલ રજૂ કરેલ નથી. તથા હાલમાં અરજદાર આશાવર્કર તરીકે નોકરી કરી રૂા.૩,૦૦૦/– પગાર મેળવતા હોવાનો સ્વીકાર કરેલ છે તથા આ કામે તેઓએ તેઓએ જે ઘરેણાં જણાવેલ છે તેના બીલ અરજદાર દવારા રેકર્ડ પર રજૂ કરેલા નથી. તથા અરજદાર એ હકીકત સ્વીકારી ગયેલ છે કે, હાલની અરજી કરતાં પહેલાં ડીસા કોર્ટમાં તેઓના પતિથી અલગ થવા માટે છૂટાછેડાની અરજી દાખલ કરેલ. અને હાલમાં તેઓના પતિ તેઓને લઈ જવા તૈયાર હોય તો પણ તેઓ જવા તૈયાર નથી.

૮/૨ આ કામે અરજદારની અરજીનો સામાવાળાએ આંક.૧૧ થી લેખિત જવાબ રેકર્ડ પર રજૂ કરેલ છે તથા આંક.૨૧ થી પુરાવાનું સોગંદનામુ રજૂ કરી અરજદારની અરજીનું ખંડન કરેલ છે જે અરજદારની

અરજીના જવાબમાં ૨/૧ થી ઉપર વર્ણન કરેલ હોય તેનું પુનરાવર્તન ટાળવામાં આવેલ છે. ત્યારબાદ અરજદારના વિ.વકીલશ્રી દવારા સામાવાળાની ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં તેઓ જણાવી ગયેલ છે કે, અરજદાર સાથે તા.૧૭/૦૫/૨૦૦૯ ના રોજ લગ્ન થયેલ પરંતુ તેઓ દારૂ પી આવી તથા તેઓના માતા તથા ભાઈની ચડામણીથી અરજદારને મારઝૂડ કરતા હોવાની હકીકતનો ઈનકાર કરેલ છે તથા સાહેદ એ હકીકત જણાવી ગયેલ છે કે, જીવીબેન છેલ્લી વાર પિયર આવ્યા તે પહેલાં પણ એક વખત પિયર આવ્યાં હતા. જયારે સામાવાળાના પરિવારના લોકો જીવીબેનને મારઝુડ કરી, શારીરિક માનસિક ત્રાસ આપતા હોય તેઓ પિયર આવી ગયેલ હોવાની હકીકતનો ઈનકાર કરેલ છે. આ કામે તેઓ એ વાત સ્વીકારી ગયેલ છે કે, તેઓના કાકા નાગજીભાઈની દીકરી સાથે જીવીબેનના ભાઈનું સગપણ નકકી કરેલ. જે સગાઈ તૂટી ગયેલ હતી. જયારે આ સગાઈ તૂટવાના કારણે સામાવાળાએ ડરાવી ધમકાવીને રૂા.૨૫,૦૦૦/– મેળવેલા તથા તા.૨૬/૦૫/૨૦૧૫ ના રોજ સામાવાળાના માતા જીવીબેનને સારુ રાખીશું એમ કહી રૂા.૫૦,૦૦૦/– મેળવેલ હોવાની હકીકતનું ખંડન કરેલ છે. તથા અરજદારે અરજીમાં જણાવેલ સામાવાળા ૨૦,૦૦૦/–પગાર મેળવતા હોવાની હકીકતનો ઈનકાર કરેલ છે તથા સાહેદ સ્વેચ્છાએ સ્વીકારી ગયેલ છે કે, તેઓ માસિક ૪,૦૦૦/– રૂપિયા પગાર છે તથા સામાવળાની મોરવાડા ગામે ખેતીની સ.નં.૭૧૩ પૈકી પાંચ વાળી જમીન છે પરંતુ આ જમીન વીસ વીઘા હોવાની તઓને ખબર નથી તથા સીઝન પ્રમાણે પાક લે છે સાહેદ સ્વેચ્છાએ સ્વીકારી ગયેલ છે કે, પાણી વગર કઈ થતું નથી તથા સામાવાળાના પાસે જીપ અને ત્રણ બાઈક હોવાનો ઈનકાર કરેલ છે તથા જીવીબેન તેમના પિયરે ગયેલા ત્યારે એક તોલાની સોનાની બુટ્ટી, બે વીંટી, હાથમાં પહેરવાનું કડું ગળાની હાંસડી, પગનાં પાયલ તથા સામાવળાને આપેલ એક તોલાની સોનાની મરકી વગેરે સોનાના દાગીના સામાવાળાના ઘરે મૂકીને ગયેલ હોવાનો ઈનકાર કરેલ છે.

(૯) હવે રેકર્ડ પર પડેલ તમામ પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં આવે તો આ કામના અરજદારની આંક.૧ ની અરજી તથા આંક.૧૩ થી કોર્ટ રૂબરૂ સરતપાસ જુબાનીમાં અરજીને સંપૂર્ણ સમર્થન કરે છે પરંતુ આ કામે અરજદાર પોતાની કોર્ટ રૂબરૂ ઉલટતપાસમાં જણાવી ગયેલ છે કે, હાલમાં અરજદાર આશાવર્કર તરીકે નોકરી કરી રૂા.૩,૦૦૦/– પગાર મેળવે છે તથા તેઓએ જે ઘરેણાંની માંગણી કરેલ છે તેના બીલ અરજદાર દવારા રેકર્ડ પર રજૂ કરેલા નથી. જેથી સદર ઘરેણાં અરજદાર પતિના ઘરે મૂકીને આવેલ હોવાનું પુરવાર કરી શકેલ નથી. તથા અરજદારની હાલની અરજી પહેલાં પણ ડીસા કોર્ટમાં તેઓના પતિથી અલગ થવા માટે છૂટાછેડાની અરજી દાખલ કરેલ છે અને તેઓ આ

કામના સામવાળાથી છૂટા થવા માગે છે અને ઉલટતપાસમાં સ્વીકારી ગયેલ છે કે હાલમાં તેઓના પતિ તેઓને લઈ જવા તૈયાર હોય તો પણ તેઓ જવા તૈયાર નથી. વધુમાં અરજદાર દવારા તેઓના પતિ આ કામના સામાવાળા ભાભર મુકામે રાધે સ્કૂલમાં ડ્રાઈવરની નોકરી કરી માસિક રૂા.૨૦,૦૦૦/- (વીસ હજાર), ખેતી માંથી વર્ષે રૂા.૨,૦૦,૦૦૦/- (બે લાખ) તેમજ દૂધ ડેરીમાં દૂધ ભરાવી રૂા.૫૦,૦૦૦/-(પચાસ હજાર) આવક ધરાવતા હોવાની હકીકત કોઈ દસ્તાવેજી પુરાવો અરજદાર દવારા રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. વધુમાં અજરદાર સ્વીકારી ગયેલ છે કે, આ કામના અરજદારે સામાવાળાથી છૂટાછેડા લેવા માટે ડીસા કોર્ટમાં અરજી કરેલી જેથી અરજદાર સામાવાળા સાથે રહેવા માંગતા ના હોવાનું પુરવાર થાય છે.

૯/૨ વધુમાં અરજદાર આ કામના સામાવાળાથી અલગ રહે છે અને સામાવાળાએ તેઓના ભરણ પોષણની કાળજી લીધેલ નથી કે કોઈ વ્યવસ્થા કરેલ નથી. પરંતુ આ કામે અરજદાર પોતાની અરજીમાં જણાવી ગયેલ છે કે, તેઓ કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવી ગયેલ છે કે, તેઓ આશાવર્કર તરીકે નોકરી કરી માસિક રૂા.૩,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ હજાર)આવક મેળવતા હોવાનો સ્વીકાર કરેલ છે. જેથી અરજદાર પોતાનું ભરણપોષણ કરવા સક્ષમ છે તથા અરજદાર મુકતપણે ભાભરમાં હરીફરી શકે છે તેઓને આ કામના સામાવળાથી ભય હોવાનું સરતપાસમાં જણાવેલ નથી. જેથી અરજદારને સામાવળાથી ભય હોવાનું માની શકાય તેમ નથી. અરજદારની અરજીનું સામાવાળા તરફે હાજર થઈ ખંડન કરેલ છે ત્યારે સામાવાળાએ શારીરિક-માનસિક દુઃખ ત્રાસ આપી, મારઝુડ કરેલ હોવાની હકીકતનો ઈનકાર કરેલ છે. વધુમાં, હાલના કામે અરજદારે સામાવાળા રાધે સ્કૂલમાં ડ્રાઈવરની નોકરી કરી માસિક રૂા.૨૦,૦૦૦/-(વીસ હજાર), ખેતી માંથી વર્ષે રૂા.૨,૦૦,૦૦૦/- (બે લાખ) તેમજ ડેરીમાં દૂધ ભરાવી રૂા.૫૦,૦૦૦/-(પચાસ હજાર) મેળવતા હોવાની હકીકત હાલના અરજદાર દવારા માની શકાય તેવા કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવાઓ વડે પુરવાર કરવામાં આવેલ નથી. વધુમાં, રેકર્ડ પરની તમામ હકીકતો ધ્યાને લેતાં આ કામના સામાવાળાએ અરજદારનું ભરણપોષણ કરવાની કોઈ વ્યવસ્થા કરેલ હોય, તેવું જણાઈ આવતું નથી. વધુમાં, પોતાની પત્નીનું ભરણ પોષણ કરવું એ દરેક પતિની સામાજિક તેમજ નૈતિક જવાબદારી બની રહે છે. સામાવાળાએ અરજદારના ભરણપોષણ માટે કોઈપણ પ્રકારની વ્યવસ્થા કે સગવડ કરેલ હોય, તેવું પણ રેકર્ડ ઉપરના કોઈ પુરાવાઓ ઉપરથી જણાઈ આવતું નથી.

૯/૩ વધુમાં, સી.આર.પી.સી.કલમ–૧૨૫ ની જોગવાઈઓ ધ્યાને લેતાં ભરણપોષણ આપવા માટે જવાબદાર થતી વ્યકિત ભરણપોષણ આપવા માટે પૂરતા સાધનો ધરાવતી હોય, તે તત્વ પુરવાર કરવું આવશ્યક છે. પુરતા સાધનો એટલે માત્ર નિયમિત આવક અથવા દેખીતી મિલકત નહીં, વ્યકિત તંદુરસ્ત તથા સશકત હોય તો તે પુરતા સાધનો ધરાવે છે તેમ કહી શકાય. મહત્વની આવક ચોખ્ખી આવક નહીં, પરંતુ કમાવવાની ક્ષમતા છે. નકારાત્મક રીતે તેમ કહી શકાય કે, વ્યકિત કમાવવાની ક્ષમતા ધરાવતી હોય તો એવું કહી શકે નહિ કે, તેની પાસે પુરતા સાધનો નથી. વધુમાં, ભરણપોષણ માંગનાર વ્યકિત પોતે પોતાનું ભરણપોષણ કરવા માટે અશકિતમાન છે તેવું દર્શાવવું પડે છે અશકિતમાન શબ્દ અત્રે વ્યકિતની કમાવવાની ક્ષમતાના આધારે પ્રયોજવામાં આવેલ નથી. ભરણપોષણ માગનાર વ્યકિત કમાઈ શકે છે તેવો બચાવ માન્ય ગણાય નહીં, જે વ્યકિત ભરણપોષણ માગે તેની ઉપર એવું સાબિત કરવાનો બોજો રહે છે કે, સામાપક્ષે ભરણપોષણ કરવાનો ઈનકાર કર્યો છે અથવા ઉપેક્ષા સેવી છે, આ કામે અરજદાર પોતાના સોગંદનામામાં એ પુરવાર કરવામાં સફળ રહયા છે કે, તેઓ સામાવાળાથી અલગ રહે છે. અને સામાવાળા તેમનું ભરણપોષણ કરતા નથી. વધુમાં, સામાવાળા તરફે પણ પોતાના બચાવમાં હાજર થઈ હાલની અરજી દાખલ કર્યા બાદ તેઓ અરજદારનું ભરણપોષણ કરતા હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આ કામે રજૂ થયેલ પુરાવાઓ ઉપરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, સામાવાળાએ અરજાદારનું ભરણપોષણ કરવામાં ઉપેક્ષા દાખવી છે અને ભરણપોષણ કરવાની કોઈ જહેમત ઉઠાવેલ નથી. વધુમાં, આ કામના સામાવળા તરફે તેઓ દવારા અરજદારનું ભરણપોષણ કરેલ હોય, તેવો કોઈ બચાવ લીધેલ નથી કે અરજદારની હકીકતોને પડકારેલ નથી. આ કામના સામાવાળા અરજદારના પતિ છે તેમનું ભરણપોષણ કરવાની અને તેમના નિભાવની સામાજિક અને નૈતિક જવાબદારી તેમજ કાયદેસરની ફરજ પણ સામાવાળાની છે તેમ છતાં, આ કામના સામાવાળાએ અરજદાર પ્રત્યે સામાજિક અને નૈતિક જવાબદારી તેમજ કાયદેસરની ફરજ અદા કરવામાં દરકાર રાખેલ નથી કે અરજદારના ભરણપોષણની કોઈ વ્યવસ્થા કરેલ ન હોવાનું તેઓના સોગંદનામા ઉપરથી સ્પષ્ટપણે જણાઈ આવતું હોય, આ કામના સામાવાળાએ અરજદારના ભરણપોષણ પ્રત્યે ઉપેક્ષા દાખવેલ હોવાનું સ્પષ્ટ થતું હોય, આ કામના સામાવાળા આવકના પુરતા સાધનો ધરાવતા હોવાનું પુરવાર થાય છે.

૯/૩ હવે, આ કામના અરજદાર કેટલું ભરણપોષણ મેળવવા હકકદાર છે ? તે બાબતે જોઈએ તો અરજદારણે પોતાના ભરણપોષણપેટે માસિક રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર) ની જરૂર

છે તથા તેઓ આશાવર્કર તરીકે નોકરી કરતા હોય, તેઓને માસિક રૂા.૩,૦૦૦/-(અંકે રૂપિયા ત્રણ હજાર) પગાર મળે છે. જેથી અરજદારને આ કામના સામાવાળા નિયમિત રીતે માસિક રૂ.૧૦,૦૦૦/- ચડયે ચડયા રકમ ચુકવી આપે તેવો હુકમ કરવા અરજ કરેલ છે. વધુમાં, ભરણપોષણની રકમ નકકી કરતી વખતે અરજદારની ઉંમર, આર્થિક સ્થિતિ, કમાવાની તકો, સામાવાળાની ઉંમર, આર્થિક સ્થિતિ, કમાવાની તકો, સામાવાળા ઉપર અન્ય કોઈની ભરણપોષણની જવાબદારી, બાળકોના ભણતરનો ખર્ચ તથા હાલની કારમી મોંઘવારી તથા આવશ્યક ચીજવસ્તુઓના ભાવો, તથા કપડા-લત્તા, દવા-દારુ વિગેરેનો ખર્ચ વગેરે ધ્યાને લેવાનો રહે છે. ઉપરાંત, ભરણપોષણની રકમ એટલી વધારે ન હોવી જોઈએ કે, અરજદારણ સામાવાળા સાથે રહેવાને બદલે સ્વચ્છંદી જીવન જીવવા પ્રેરાય તે સાથે જ ભરણપોષણની રકમ એટલી ઓછી પણ ન હોવી જોઈએ કે, જેનાથી અરજદારણ પોતાનું ભરણ પોષણ કરવા અસમર્થ બને. વધુમાં, સામાવાળા કેટલી આવક મેળવે છે તે નકકી કરતાં પહેલાં પુરાવાના કાયદાની કલમ-૧૦૬ ધ્યાને લેતાં જે કોઈ હકીકત કોઈ વ્યકિતની અંગત જાણમાં હોય તે હકીકત પુરવાર કરવાની જવાબદારી તેના શીરે રહે છે અને જો તે વ્યકિત તેવી હકીકત રેકર્ડ ઉપર ન લાવે તો તે હકીકત અંગે વિરૂધ્ધનું અનુમાન થઈ શકે છે જે મુજબ સામાવાળાની આવક કેટલી છે ? તેની માહિતી તેઓની અંગત જાણમાં હોય આવી આવક બતાવવાની જવાબદારી તેમના શીરે છે.

(૧૦) હવે રેકર્ડ પર રજૂ સામાવાળાએ અરજીના કામે હાજર રહી અરજદારે અરજીમાં બતાવેલ પોતાની આવકનું ખંડન કરેલ છે તથા સામાવાળા દવારા પણ તેઓની આવી કોઈ આવક બતાવવા આધાર પુરાવો રજુ કરેલ નથી અને તેઓએ ઈરાદાપૂર્વક તેઓની આવક રેકર્ડ પર ન લાવેલાનું ફલિત થાય છે. જે સંજોગોમાં અદાલતે સામાવાળાની આવકનું અનુમાન કરવાનું રહે છે જે માટે હાલના સમયમાં કમાવાની તકો તથા લઘુત્તમ વેતનના દરો ધ્યાને લેતાં સામાન્ય રીતે કોઈ ટેકનીકલ આવડત ન ધરાવતી હોય તેવી વ્યકિત પણ મજુરી કામ કરીને રોજના રૂા.૪૦૦/-થી ૫૦૦/-કમાઈ શકે છે અને આ કામે સામાવાળા કમાવાને અશકત હોય તેવો કોઈ બચાવ કે રજુઆત કરેલ નથી. અને તેવા સંજોગોમાં અદાલતે સામાવાળાની આવક અંગે અનુમાન કરવાનું રહે છે અને અરજદાર તરફે સામાવાળાની આવકનો કોઈ સ્પષ્ટ આધાર રજુ કરેલ ના હોય, તે હકીકત ધ્યાને લેતાં સામાવાળાની આવક માસિક રૂા.૧૨,૦૦૦/-થી ૧૫,૦૦૦/-હોવાનું અનુમાન કરી શકાય તેમ હોય સામાવાળાની આવક માસિક રૂા.૧૨,૦૦૦/-થી ૧૫,૦૦૦/- હોવાનું આથી ઠરાવવામાં આવે છે. તેમજ પક્ષકારોનો સામાજિક તથા આર્થિક દરજ્જો ધ્યાને રાખી અરજદારને તેમનું જીવન

સ્વમાનભેર જીવવા માટે તથા જીવન નિર્વાહ કરવા માટે ઉપસ્થિત થતી પ્રાથમિક જરૂરિયાતની ચીજર્વતુઓના વર્તમાન બજારના દરો તથા દિન–પ્રતિદિન વધતી જતી મોંઘવારીના દરો લક્ષમાં રાખતાં તેમજ સામાવાળાની આજના મોંઘવારીના જમાનામાં સામાન્ય માણસને થતી આવક ગણતા પણ અરજદારને માસીક રૂા.૩,૦૦૦/–(અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) સામાવાળા પાસેથી ભરણપોષણ પેટે આપવામાં આવે તો તે ન્યાયોચિત જણાય છે. આમ, ઉપરોકત ચર્ચા સાથે અરજદારની આર્થિક સ્થિતિ, સામાવાળાની અન્ય જવાબદારી, સામાવાળાની પતિ તરીકેની અરજદારના ભરણપોષણની જવાબદારી, તેઓની આવક, કમાવાની ક્ષમતા વગેરેને ઘ્યાને લેતાં અરજદારે પોતાની અરજીમાં ફોર્મ નં.ર માં જે પણ હુકમો માંગ્યા તથા તે અંગેની દાદ છે તે તમામ ઘ્યાને લીધા, પરંતુ કોઈ પણ વ્યકિતને કોઈ પણ હુકમો અર્થાત કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ હુકમો અર્થાત કલમ–૧૯, કલમ–ર૦ તથા કલમ–રર હેઠળના હુકમો કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમમાં જે પ્રકારના હુકમો મળવાપાત્ર છે તે મર્યાદામાં રહી હાલના કેસના સંજોગો તથા રજુ થયેલ પુરાવા અને કેસના સંજોગોને ઘ્યાને રાખી તે અંગેનો હુકમ કરવામાં આવેલ છે. આમ, અરજદારની અરજીની તમામ વિગતો રજુ થયેલ બન્ને પક્ષો તરફે પુરાવા તથા કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનુ રક્ષણ અધિનિયમ અંગેનો કાયદો અને તેની જોગવાઈઓને ઘ્યાને રાખી નીચે મુજબનો આખરી હુકમ કરવો ન્યાયોચિત જણાય છે.

## –<u>:: આખરી હુકમ ::</u>–

(૧) અરજદારની હાલની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

(ર) સામાવાળાઓએ આથી આદેશ કરવામાં આવે છે કે, તેઓએ અરજદાર વિરુદઘ કોઈપણ પ્રકારની કૌટુંબિક હિંસાનું કૃત્ય કરવું કરાવવું નહિ.

(૩) સામાવાળાઓને આથી આદેશ કરવામાં આવે છે કે, તેઓએ અરજદાર હાલમાં જયાં રહે છે ત્યાં જાતે કે અન્ય વ્યકિત મારફતે પ્રવેશ કરવો કરાવવો નહિ.

(૪) સામાવાળાઓને આથી આદેશ કરવામાં આવે છે કે, અરજદારને તેમના સગાવહાલના ત્યાં આવતા જતા અટકાવવા નહિ કે અરજદારને મદદ કરતા તેમના સગાસંબંધીઓ સામે હિંસાનું કોઈ કૃત્ય કરવું કરાવવું નહિ.

(પ) સામાવાળાઓને આથી આદેશ કરવામાં આવે છે કે, અરજદારને વ્યકિતગત, મૌખિક કે અન્ય કોઈપણ પ્રકારે સંપર્ક કરવો નહિ કે તેમ કરવાનો પ્રયત્ન કરવો કરાવવો નહિ.

(૬) સામાવાળા નં.૧ ને રમેશભાઈ રગાભાઈ વણકરને એવો હુકમ ફરમાવવામાં આવે છે કે, તેઓએ અરજદારને હાલની અરજીની તારીખ ૪/૨/૨૧ ના રોજથી માસીક રૂપીયા ૩૦૦૦/– (અંકે રૂપીયા ત્રણ હજાર પુરા) ચડેયતથી નિયમિત પણે ચુકવી આપવા. આ કામે આપવામાં આવેલ ભરણપોષણની રકમ ક્રિ.પર.અ.નં.૨૧/૨૧ ના કામે આપવામાં આવેલ રકમમાં સેટ–ઓફ આપવી.

(૭) સામાવાળાને આથી આદેશ આપવામાં આવે છે કે, તેઓએ અરજદારની જીવન જરૂરીયાતની તથા સ્ત્રીધનની જે વસ્તુ તેમની પાસે હોય તે પ્રોટેકશન અધિકારી તથા પોલિસ અધિકારીની હાજરીમાં પરત કરવી. આથી હકુમત ધરાવતા પો.સ્ટેના ઈન્ચાર્જ અધિકારીને તથા સુરક્ષા અધિકારીને આદેશ આપવવામાં આવે છે કે, તેઓએ અરજદાર સાથે સામાવાળા ના ત્યાં જઈ અરજદારની વસ્તુ તથા સ્ત્રીધનનો કબજો જરૂરી પુરાવાની ચકાસણી કરી હુકમની તારીખથી દિન–૩૦ માં અરજદારને અપાવી અત્રેની અદાલતને રીપોર્ટ કરવો.

(૮) સામાવાળાને આથી આદેશ કરવામાં આવે છે કે તેઓએ અરજદારની રહેઠાણની સુવિધા સારૂ માસીક રૂ.૧૫૦૦/– અલગથી નિયમિત દર માસે ચડયે ચઢયા ચુકવી અપવા.

(૯) આ કામના અરજદારે ઘરેલુ હિંસાના કારણે વેઠવી પડેલ ચાતના વળતર રૂપે તથા કરેલ કાનુની ખર્ચ પેટે લમ્સ સમ્બ રૂ.૨૦,૦૦૦/– અરજદારને અલગથી ચુકવી આપવા.

(૧૦) આ કામના અરજદાર જીવીબેનને કલમ– ૨૪ મુજબ અદાલતના હુકમની નકલ નિ:શુલ્ક આપવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત તમામ હુકમનું ચુસ્તપણે અમલ કરવા આદેશ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૧ મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ : ભાભર
તા.૨૧/૦૮/૨૦૨૩

(એસ.પી.દવે)
જયુ. મેજી.ફર્સ્ટ કલાસ, ભાભર.
કોડ નં જી.જે ૦૧૩૯૦

STENO -S.H. PATEL